**SURAT MUNICIPAL MCORPORATION**
**WEST ZONE**
**QUOTATION/CONSENT FORM**

| | |
|---|---|
| **QUOTATION NO. Addi. City Engineer/West Zone/22/2021-22** | DATE : 09/09/2021 |

**Name of Work :-** પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં આવેલ ટી.પી.૧૦ (અડાજણ), એફ.પી.૧૪ ખાતે અડાજણ ફાયર સ્ટેશનને તોડી પાડવાનું કામ.(બીજો પ્રયાસ)

| | | |
|---|---|---|
| **ESTIMATED AMOUNT: Rs.-1,66,000/-** | **EMD AMOUNT: Rs.1700/-** | |
| **validity period : 120 Days** | **Agency Category** : Experience/ E-2 class | |

Required Documents

| | | |
|---|---|---|
| 1 | Solvency Certificate | Yes |
| 2 | Registration Certificate | Yes |
| 3 | GST Registration Certificate | Yes |
| 4 | Experience Certificate | Yes |
| 5 | Authorized Letter | Yes |

TENDER AVAILIBILITY

| | | |
|---|---|---|
| ISSUING AUTHORITY | Executive Engineer, West Zone, Surat | |
| ISSUING OFFICE | Administrative office, West Zone(Rander), Balasaheb Devras Road, Tadwadi, Rander, Surat | |
| INVITING AUTHORITY | Executive Engineer, West Zone, Surat | |
| Submition Date | | |
| Last date: 20/09/2021 | SUBMITTED To, | |
| Time : 18.00 P.M. | EXECUTIVE ENGINEER<br>ADMINISTRATIVE BUILDING, WEST ZONE (RANDER),<br>BALASAHEB DEVRAS ROAD, TADWADI, RANDER,<br>SURAT | |

<u>GST CLAUSE FOR CONSTRUCTION/ ERECTION/ COMMISSIONING/ INSTALLATION/ REPAIRS/ MAINTENANCE/ RENOVATION/ FABRICATION OF STRUCTURE INCLUDING BUILDING (MEANS ALL WORKS CONTRACT/ TURN KEY PROJECT/ SUPPLY OF MATERIAL/ GOODS)</u>

GST (Goods and service tax has come in existance from 1st July, 2017. Contractor / Successful Bidder is bound to pay any amount of GST prescribed by the govt. of India as per the terms of contract agreed upon during the course of execution of this contract.

During the course of execution of contract, if there is any change in rate if GST (Goods and Service Tax) by the Government, the same shall be reimbursed/recovered separately by SMC. subject to the submission of original receipt/proof for the amounts actually remitted by the contractor/ successful Tenderer to the competent Authority along with a certificate from Chartered Accountant of contractor/ successful Tenderer certifying that the amount of GST paid to the government and the same shall be intimated/submitted/claimed within 30 (Thirty) days from the date of payment. Remittance of GST within stipulated period shall be the sole responsibility of the successful contractor/Tenderer, failing which SMC may recover the amount due, from any other payable dues with SMC and decision of Municipal Commissioner shall be final and binding on the contractor/ successful Tenderer in this regard. Further, the non-payment of GST to the government may lead to the termination of contract and forfeiture of security Deposit/Performance Guarantee Amount.

If imposition of any other new taxes/Duties/levies/Cess or any other incidentals etc. or any increase in the existing taxes/Duties/Levies/Cess or any other incidentals etc. (Excluding GST) are imposed during the course of the contract, the same shall be borne by the successful contractor/Tenderer only, in no case SMC shall be liable for the same.

SIGNATURE OF ISSUING AUTHORITY

SD/-
EXECUTIVE ENGINEER
WEST ZONE
SURAT MUNICIPAL CORPORATION

સુરત મહાનગર પાલિકા.

**પશ્ચિમ ઝોન (રાંદેર)**

કામનું નામ:- **પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં આવેલ ટી.પી. ૧૦ (અડાજણ), એફ.પી. ૧૪ ખાતે અડાજણ ફાયર સ્ટેશનને તોડી પાડવાનું કામ.(બીજો પ્રયાસ)**

| | | |
|---|---|---|
| ૧ | અંદાજીત રકમ | રૂ.૧૬૬૦૦૦ |
| ૨ | બાનાની રકમ | રૂ.૧૭૦૦.૦૦ |
| 3 | **રજીસટ્રેશન કલાસ** | **"અનુભવી" અથવા** " E-2 class" |

SD/-

**કાર્યપાલક ઈજનેર**
**પશ્ચિમ ઝોન (રાંદેર)**
**સુરત મહાનગરપાલિકા**

સુરત મહાનગર પાલિકા.

પશ્ચિમ ઝોન (રાંદેર)

-: ટેકનીકલ બીડ :-

કોન્ટ્રાકટરને અગત્યની સુચના :-

૧. આ **સંમતિપત્રક** ના દરેક પાના ઉપર સુચિત કરેલ જગ્યામાં **ઈજારદારે** પોતાના સહી-સિક્કા કરીને તમામ કાગળો બાનાની રકમ સાથે મ્યુ.તિજોરીમાં ભરપાઇ કરીને રજુ કરવાનું રહેશે. કોઇપણ ડ્રોઇંગ કે ટેન્ડરની શરતનાં અગર અન્ય કાગળો કાઢી લેવાના નથી જો તેમ કરવામાં આવશે તો તેને ઇરાદાપૂર્વકની ગેરરીતી ગણીને **સંમતિ** રદ બાતલ કરવામા આવશે તથા બાનાની રકમ જપ્ત કરવામાં આવશે.

૨. શરતી **સંમતિ** રદ થવાને પાત્ર રહેશે.

૩. અર્નેસ્ટમનીની રકમ ફકત કમિશ્નરશ્રી, સુરત મહાનગર પાલિકા ના નામના **ચેક** અથવા ડીમાન્ડ ડ્રાફટથી જ સ્વીકારવામાં આવશે.

૪. **ટેકનીકલ બીડમાં** જણાવ્યા મુજબની વિગતો **ઈજારદારે** સાથે અચૂક સામેલ રાખવા. આ વિગતો વગરનાં **સંમતિપત્રક** ધ્યાનમાં લેવામાં આવશે નહી.

(અ) ટેન્ડર/ઓફર રકમના ૨૦.૦૦% પ્રમાણેનું શીડયુલ બેંકનું ચાલુ વર્ષ દરમ્યાનનું સોલવન્સી સર્ટીફીકેટ.

(બ) સરકારી/અર્ધસરકારી/ખાનગી સંસ્થામાં કરેલ કામના પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે.

(ક) કરેલા કામોની વિગત તેની કિમત સાથે **રજુ કરવાની રહેશે.**

(ડ) **રજીસ્ટ્રેશન હોય તો તેની નકલ રજુ કરવાની રહેશે.**

(ઢ) **ઈ.એમ.ડી. ફરજીયાત મુકવાની રહેશે.**

(ફ) **પી.એફ. અને જીએસ.ટી. રજીસ્ટ્રેશન ફરજીઆતપણે હાર્ડ કોપી રજુ કરવાનું રહેશે.**

ઉપરોકત સર્વે સુચના મે વાંચી છે અને તે જાણમાં લીધી છે.

ઇજારદારની સહી અને સીકકો :-

SD/-

**કાર્યપાલક ઈજનેર**
**પશ્ચિમ ઝોન (રાંદેર)**
**સુરત મહાનગરપાલિકા**

સુરત મહાનગર પાલિકા.
**પશ્ચિમ ઝોન (રાંદેર)**

## -: ટેકનીકલ બીડ :-

### અર્નેસ્ટમની ડીપોઝીટ પરત કરવા અંગેના હાલના નિયમો :-

૧. અનેસ્ટમની ડીપોઝીટ ૧૨૦ દિવસ પહેલા પરત માંગી શકાશે નહી.

૨. **સંમતિપત્રક** મળ્યા બાદ બધા જ કોન્ટ્રાકટરની ડીપોઝીટ જયાં સુધી **સંમતિપત્રકો** અંગે સક્ષમ સત્તાની મંજુરી મળે નહી ત્યાં સુધી રાખવામાં આવશે.

૩. પ્રથમ નંબરના (કામ મળનાર) કોન્ટ્રાકટર ને કામ અંગેની સીકયોરીટી ડીપોઝીટ ભરે તે બાદ જ અન્ય **ઈજારદાર**ની અર્નેસ્ટમની પરત કરવામાં આવશે. જયારે પ્રથમ નંબરના કામ મેળવનાર કોન્ટ્રાકટરે સીકયોરીટી ડીપોઝીટની રકમ જમા કરાવ્યા બાદ અર્નેસ્ટમની ડીપોઝીટ પરત મેળવવા વિગતવાર અરજી કરવાની રહેશે.

૪. કોન્ટ્રાકટર જયારે પણ અર્નેસ્ટમની રીફંડ મેળવવા અરજી કરે ત્યારે પોતાનું નામ, પુરૂ સરનામુ કયા કામ માટે ડીપોઝીટ ભરેલી તેની વિગત ભરેલી રકમ, રસીદ નંબર અને તારીખ વિગેરે જણાવવાનું રહેશે.

૫. ઉપરોકત નિયમો વિરૂધ્ધ કોઇ શરતો અર્નેસ્ટમની ડીપોઝીટ બાબત મુકવામાં આવશે, તો તે રદ ગણવામાં આવશે અને તેને ધ્યાને લેવામાં આવશે નહી તેની નોંધ લેવી.

૬. **ટેન્ડરમાં જણાવેલ શરતોનું ટેન્ડરરે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જે અંગે ટેન્ડરરની કોઈ પણ પ્રકારની રજુઆતને ગ્રાહય રાખી શકાશે નહી.**

ઇજારદારની સહી અને સીકકો :-

SD/-
**કાર્યપાલક ઈજનેર**
**પશ્ચિમ ઝોન (રાંદેર)**
**સુરત મહાનગરપાલિકા**

**ઉપરોકત નિયમો વાંચી આ સાથે બાનાની રકમના રૂા.૧૭૦૦/– નો કમિશ્નરશ્રી,સુરત મહાનગરપાલિકાના નામનો ડિમાન્ડ ડ્રાફટ સામેલ કરેલ છે.**
**(નોંધ : બાનાની રકમનો ડિમાન્ડ ડ્રાફટ ટેકનીકલ બીડ ના કવરમાં બિડાણ કરવાનો રહેશે. ટેકનીકલ બીડ સાથે બાનાની રકમનો ડિમાન્ડ ડ્રાફટ સામેલ ન હશે તો પ્રાઈસ બીડ ખોલવામાં આવશે નહી. )**

# સુરત મહાનગરપાલિકા
## પશ્ચિમ ઝોન (રાંદેર)

**કામનું નામઃ–** પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં આવેલ ટી.પી. ૧૦ (અડાજણ), એફ.પી. ૧૪ ખાતે અડાજણ ફાયર સ્ટેશનને તોડી પાડવાનું કામ. (બીજો પ્રયાસ)

**શરતો :–**

| | |
|---|---|
| ૧ . | હયાત ઈમારત જયાં જે હાલમાં છે તે હાલતમાં ત્યાંથી ફાઉન્ડેશન/ફુટીગ ગ્રીલ સહિત તોડી પાડી જગ્યા હયાત રસ્તા લેવલે સમતલ કરવાનો રહેશે. |
| ૨ . | સમય મર્યાદા બાદ આવેલ ભાવપત્રકો સ્વીકારવામાં આવશે નહીં. |
| ૩. | કોઈપણ ભાવપત્રક સ્વીકારવાનું અને કોઈપણ અથવા બધા ટેન્ડરો રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે. |
| ૪. | ઈજારદારને જરૂરી એવી બાનાની રકમ રૂા.**૧૭૦૦**/– કમિશ્નરશ્રીના નામના સુરત ખાતેની રાષ્ટ્રીયકૃત નેશનલાઈઝડ બેંકના ડીમાન્ડ ડ્રાફ્ટ/ પે ઓર્ડર થી અચુક જમા કરાવવાનો રહેશે. |
| ૫. | અન્ય રીતે ભરવામાં આવેલ બાનાની રકમ સાથેના અને બાનાની રકમ ભર્યા સિવાયના ટેન્ડર રદ થવાને પાત્ર રહેશે. |
| ૬. | જે ઈજારદારનું **સંમતિપત્રક** સ્વીકારવામાં આવશે તેને ભરવાપાત્ર બાનાની રકમ ઉપર જણાવેલ માલસામાનની રકમ પેટે મજરે આપવામા આવશે. |
| ૭. | ઈજારદારએ તોડવા માટેના ઈમારતનું રૂબરૂ નિરીક્ષણ કરી કાટમાલમાં આવતી જુદીજુદી આઈટમોનો જથ્થો ગુણવતા તથા અન્ય બીજી બાબતોની જાણ અનુભવ કર્યા પછી ટેન્ડર ભરવાનું રહેશે. આ અંગે પાછળથી કોઈપણ જાતની કાર્યવાહી કે તકરારને ધ્યાનમાં લેવામાં આવશે નહિં. |
| ૮. | ઈજારદારે ટેન્ડરમાં જણાવેલ ઓફરના નાણાં અત્રેની સુચના મુજબ સુરત મહાનગરપાલિકાના હિસાબખાતામાં જમા કરાવવાના રહેશે. અને તે અંગેની નાણાં ભર્યાની રસીદ રજુ કર્યા બાદ હયાત ઈમારત તોડફોડ કરવાનો(ઉતારવાનો) હુકમ આપવામાં આવશે. |
| ૯. | ટેન્ડરમા જણાવેલ ઓફરની પુરે પુરી કિંમત વર્કઓર્ડર મળ્યેથી દિન ૧૫(પંદર)મા માં જમા ન કરાવવામાં આવશે તો ઈજારદારનું **સંમતિપત્રક** આપોઆપ રદબાતલ ગણી લેવામાં આવશે અને ભરેલ બાનાની રકમ જપ્ત કરી લેવામાં આવશે. જેથી રકમ અત્રેની તિજોરીમાં જમા થયા બાદ જ મકાન ઉતારવાની કાર્યવાહી કરવાની રહેશે. |
| ૧૦. | હયાત ઈમારત તોડતા આજુબાજુના વિસ્તારમાં રહેતા માણસોને,મિલ્કતોને કે અન્ય બીજી વસ્તુઓને નુકશાન કે હેરાનગતી ન થાય તેની ઈજારદારે તકેદારી રાખવાની રહેશે. તેમ છતાં જો કોઈ મુશ્કેલી, નુકશાન કે નડતરરૂપ વિગેરે થાય તો તેની જવાબદારી ઈજારદારની રહેશે. આ અંગે કોઈપણ જાતની જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહેશે નહિં. |
| ૧૧. | હયાત ઈમારતને તોડી તેને જમીનદોસ્ત કરી જગ્યા સાફસફાઈ,ચોખ્ખી કરી હયાત રસ્તા લેવલે સમતલ કરી આપવાની રહેશે. |
| ૧૨. | જરૂરી એવા જકાતવેરા,વેચાણવેરા તથા અન્ય કોઈપણ પ્રકારના રાજય/કેન્દ્રીય સરકારના તથા સુરત મહાનગરપાલિકાના વેરાઓ ભરવાની જવાબદારી ઈજારદારની પોતાની રહેશે. તે માટે સુરત મહાનગરપાલિકા જવાબદાર નથી. |
| ૧૩. | હયાત ઈમારતને તોડતા કે ઉતારતા માણસોને કોઈપણ જાતની શારિરીક ઈજાઓ કે જાનહાનિ કે અન્ય કોઈ બીજુ નુકશાન થાય તેની સંપુર્ણ તકેદારી ઈજારદારે રાખવાની રહેશે તેમ છતા જો આ અંગે કોઈ પણ બનાવ બને તો તેની તમામ જવાબદારી ઈજારદારની રહેશે અને તે અંગેનો સંપૂર્ણ ખર્ચ /વળતર ઈજારદારે ચુકવવાનું રહેશે. |

| | |
|---|---|
| ૧૪. | હયાત ઈમારતને તોડતા પહેલા સંપૂર્ણ સાઈટનું સ્થળ નિરીક્ષણ કરી સુરક્ષા પ્રસાધનો, એરીયા બેરીકેડીંગ વિગેરે પુરા પાડવાની જવાબદારી ઈજારદારની રહેશે. |
| ૧૫. | ઈજારદારે આ ઈમારત તોડવાનો વર્કઓર્ડર મળ્યેથી દિન –૯૦ (**નેવું**)માં કામ પુરૂ કરવાનું રહેશે. જો તેમ કરવામાં ઈજારદાર કસુર કરશે તો તેની ઉપર મંજુર ઓફર રકમના ૧% પ્રતિદિન લેખે ચાર્જ લઈ ઈજારદારના ખર્ચે અને જોખમે આ કામ કરાવી લેવામાં આવશે. |
| ૧૬. | હયાત ઈમારત તોડવા અંગેની સાઈટ ઉપર તમામ જરૂરી એવી કે અન્ય કોઈ સુવિધાઓ કે જરૂરીયાત ઈજારદારે પોતે કરવાની રહેશે. |
| ૧૭. | ટેન્ડરમાં ભરેલ ભાવ/રકમ આંકડામાં તથા શબ્દમાં ભરવાની રહેશે. તેમજ જયાં જયાં છેકછાક કરી હોય ત્યાં ઈજારદારે ટુંકી સહી કરવાની રહેશે. |
| ૧૮. | ઈજારદાર ટેન્ડરની શરતમાં કોઈ ફેરફાર કરશે અથવા પોતાના લેટરપેડ પર કોઈપણ વધારાની શરતો રજુ કરશે તો તે મહાનગરપાલિકા ધ્યાનમાં લેશે નહિં કે તેમ કરવા મહાનગરપાલિકાને ફરજ પાડી શકાશે નહિ. આવી શરતો મહાનગરપાલિકાને કોઈપણ સંજોગોમાં બંધનકર્તા રહેશે નહિં. |
| ૧૯. | ઈજારદારે કોઈપણ પત્રકો,શરતોના કાગળો કાઢી લેવાના નથી જો તેમ કરવામાં આવશે તો તેને ઈરાદાપૂર્વક ગેરરિતી ગણી તેમની સામે મહાનગરપાલિકા કાયદેસરની કાર્યવાહી કરશે તથા અનામતની રકમ જપ્ત કરશે. |
| ૨૦. | પ્રાઈઝબીડમાં ભરેલ ભાવ/રકમ સ્વીકારવા માટે પ્રાઈઝબીડ ખુલ્યાની તારીખથી ૧૨૦(એકસોવીસ) દિવસ સુધી વેલીડીટી ગણાશે. ઉપરોકત જણાવેલ ૧૨૦ દિવસની સમયમર્યાદા સુધીમાં ટેન્ડરર/ભાવપત્રક ભરનાર ઈજારદાર પોતાના ભાવમાં કોઈપણ જાતનો સુધારો વધારો કરી શકશે નહી. |
| ૨૧. | ભરવામાં આવેલ બાનાની/સીકયોરીટી અનામત પર કોઈપણ સંજોગોમાં વ્યાજ આપવામાં આવશે નહિં. |
| ૨૨. | ઈજારદારે મિલકત સંપૂર્ણ ઉતારી, જમીનદોસ્ત કરી સાફસફાઈ ચોખ્ખી કરી,જમીનના હયાત રસ્તાના લેવલે સમતલ કરવાની રહેશે. |
| ૨૩. | વર્કઓર્ડરની તારીખથી દિન –૧૫(પંદર)માં મંજુર ભાવપત્રક/ ટેન્ડર રકમના ૨% પ્રમાણે સીકયોરીટી ડીપોઝીટ ફકત રોકડા જમા કરાવવાના રહેશે. |
| ૨૪. | જો આ કામ બાબતે તકરાર ઉભી થાય તો તેવા સંજોગોમાં મેટર સુરત સીવીલ કોર્ટમાં પડકારી શકાશે. |
| ૨૫. | મિલ્કત ઉતારવા માટેની શરતો અર્થઘટન બાબતના કોઈપણ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેવા સંજોગોમાં મ્યુનિસિપલ કમિશ્નરશ્રીનો નિર્ણય નિર્ણાયાત્મક તેમજ બંધનકર્તા રહેશે. |
| ૨૬. | કન્સટ્રકશન એન્ડ ડીમોલીશન વેસ્ટ મેનેજમેન્ટ રુલ્સ – ૨૦૧૬ માં સી એન્ડ ડી ના મેનેજમેન્ટ માટે વેસ્ટ જનરેટરની જવાબદારી નિયત કરવામાં આવેલ છે, જે મુજબ તમામ વેસ્ટ જનરેટરો અને ખાસ કરીને "બલ્ક વેસ્ટ જનરેટરો" ધ્વારા સી એન્ડ ડી વેસ્ટના સેગ્રીગેશન,સ્ટોરેજ,ટ્રીટમેન્ટ તથા ડીસ્પોઝલની કામગીરી ફરજીયાત પણે કરવાની રહેશે. |
| ૨૭. | કન્સટ્રકશન એન્ડ ડીમોલીશન વેસ્ટના નિકાલ માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા ફેસિલિટેટર તરીકે વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ છે. જેનું સરનામું આ મુજબ છે.સુરત ગ્રીન પ્રીકાસ્ટ પ્રા.લિ., સી.એન્ડ ડી. વેસ્ટ રીસાઈકલીંગ ફેસીલીટી, રીલાયન્સ ચોકડી પાસે, કોસાડ,સુરત. |
| ૨૮. | સુરત મહાનગરપાલિકા ધ્વારા ઉભી કરવામાં આવેલ વ્યવસ્થાનો વેસ્ટ જનરેટર ઉપયોગ કરવાનો હોય તો તે માટે તેઓએ પરમીટ લેવાની છે, જેના માટે www.suratswm.org વેબ સાઈટ ઉપરથી કન્સટ્રકશન એન્ડ ડીમોલીશન વેસ્ટના પ્રકાર માટે ઓનલાઈન અરજી કરવાની રહેશે. |

| | |
|---|---|
| ૨૯. | TIFAC ધ્વારા નિયત કરવામાં આવેલ માપ દંડો મુજબ નવા બાંધકામ તેમજ રીપેરીંગ માટે 50 Kg/Sq.Mt., જયારે ડીમોલીશન માટે 500 Kg/Sq.Mt. પ્રમાણે વેસ્ટનો અંદાજીત જથ્થો ધ્યાને લેવાનો રહેશે. |
| ૩૦. | આ અંદાજીત જથ્થા માટે રૂ. ૩૩૩/- પ્રતિ મે.ટનનો ભાવ ધ્યાને લઈ તે પ્રમાણેના નાણાં વિકાસકાર,બાંધકામ કરનાર ધ્વારા એડવાન્સમાં ડીપોઝીટ પેટે આ કામગીરી માટે ખોલવામાં આવનાર નવા (Escrow) એકાઉન્ટમાં જમા કરાવવાના રહેશે. કન્સટ્રકશન એન્ડ ડીમોલીશન વેસ્ટ પ્રોસેસિંગ રકમ જમા થયેથી અરજદારને તે અંગેની પરમીટ આપવામાં આવશે. |
| ૩૧. | સુરત મહાનગરપાલિકા ધ્વારા કન્સટ્રકશન એન્ડ ડીમોલીશન વેસ્ટની પરમીટ/નોંધણી/નિકાલ માટે ટોલ ફ્રી નંબરની વ્યવસ્થા કરવામાં આવેલ છે તેમજ તેની સાથે ઓનલાઈન પરમીટની પણ વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ છે. |
| ૩૨. | કન્સટ્રકશન એન્ડ ડીમોલીશન વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ ની જોગવાઈઓ મુજબ અમલ/કાર્યવાહી કરવામાં આવશે નહી અગર જો કોઈ જોગવાઈઓનો ભંગ થશે તો સુરત મહાનગરપાલિકાની સામાન્ય સભા ધ્વારા મંજુર પબ્લીક હેલ્થ બાયલોઝમાં રૂ. ૧૦,૦૦૦/- સુધીની પેનલ્ટી વસુલવાની જોગવાઈ કરવામાં આવેલ છે. |
| ૩૩. | સદર કામે C & D Waste અન્વયે સ્થા.સ.ઠરાવ નં. ૪૪૬/૨૦૨૦, તા:૧૧/૧૨/૨૦૨૦ તેમજ સામાન્ય સભા ઠરાવ નં. ૯૬૩/૨૦૨૦, તા:૦૪/૧૨/૨૦૨૦ ની શરતો મુજબ સૌથી વધુ રકમ ભરનાર ઈજારદારના ભાવે જો સુરત ગ્રીન પ્રીકાસ્ટ પ્રા.લી. કામગીરી કરવા સંમતિ દર્શાવશે તો સદર કામગીરી સુરત ગ્રીન પ્રીકાસ્ટ પ્રા.લી.ને સોંપવામાં આવશે, જે બાબતે ઈજારદારની પાછળથી કોઈપણ પ્રકારની તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. |

**ઉપરોકત શરતોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.**

SD/-

**કાર્યપાલક ઈજનેર**
**પશ્ચિમ ઝોન (રાંદેર)**
**સુરત મહાનગરપાલિકા**

# સુરત મહાનગર પાલિકા.
## પશ્ચિમ ઝોન (રાંદેર)

**કામનું નામ:-** પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં આવેલ ટી.પી. ૧૦ (અડાજણ), એફ.પી. ૧૪ ખાતે અડાજણ ફાયર સ્ટેશનને તોડી પાડવાનું કામ. (બીજો પ્રયાસ)

ઈજારદારના સહી
સિક્કા સાથે ફોટા

ઇજારદારનું નામ :-

સરનામુ :-

| | | | |
|---|---|---|---|
| પાર્ટનરશીપ એજન્સી | માટે દરેક પાર્ટનરનાં | ફોટા સહી સાથે | અહી ચોંટાડવા |

| પાર્ટનરના સહીના નમુના | સરનામું: |
|---|---|
| ૧. | |
| ૨. | |
| ૩. | |
| ૪. | |

નોંધ:- પાર્ટનરશીપ એજન્સી માટે રજીસ્ટર કરાવેલ પાર્ટનરશીપ એગ્રીમેન્ટ જોડવો ફરજીયાત છે.

SD/-
**કાર્યપાલક ઈજનેર**
**પશ્ચિમ ઝોન (રાંદેર)**
**સુરત મહાનગરપાલિકા**

## સુરત મહાનગર પાલિકા

### પશ્ચિમ ઝોન (રાંદેર)

# -: પ્રાઇસ બીડ :-

**કામનું નામઃ-** પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં આવેલ ટી.પી. ૧૦ (અડાજણ), એફ.પી. ૧૪ ખાતે અડાજણ ફાયર સ્ટેશનને તોડી પાડવાનું કામ. (બીજો પ્રયાસ)

હું નીચે સહી કરનાર શ્રી ........................................................................ જણાવું છુ કે ઉપરોકત વિષયમાં જણાવેલ પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં આવેલ ટી.પી. ૧૦ (અડાજણ), એફ.પી. ૧૪ ખાતે અડાજણ ફાયર સ્ટેશનને તોડી પાડવાનાં કામ બાબતે મકાનને સ્થળ નિરિક્ષણ દરમ્યાન જોયેલ છે તથા આજુબાજુની મિલ્કત, રાહદારીઓ અને સ્થળ પર કામદારોની સલામતી ધ્યાને લઇ મિલ્કત ઉતારી મારા પોતાના જોખમે અને ખર્ચે લઇ જવા માટે સંમતિ આપુ છું. અને તે માટે સુરત મહાનગરપાલિકાને હું રૂા..................... અંકે રૂપિયા (શબ્દમાં) ................................ ............................................ આપવા સંમત છું.

ઉપરોકત ટેન્ડર માટે સુરત મહાનગરપાલિકાની શરતો અને નિયમો મને બંધનકર્તા રહેશે.

**ઇજારદારની સહી અને સીકકો :-**

SD/-<br>**કાર્યપાલક ઈજનેર**<br>**પશ્ચિમ ઝોન (રાંદેર)**<br>**સુરત મહાનગરપાલિકા**